# गरबावळी.

કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઈની બનાવેલી

તે સુધારીને,

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બુકસેલર.

## मांहादेव रामचंद्र.

અમદાવાદમાં.

માનેકચોકને નાકે ઘાંચીની વાડીમાં

એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટિંગ પ્રેસમાં

શા૦ નથુભાઈ રતનચંદે છાપી.

સંવત ૧૯૪૫ સને ૧૮૮૯

કીંમત ૨ આના.

# ગરબાવળી.

જ્યારે રામચંદ્રજી તથા લક્ષ્મણજી વનવાસ ચાલ્યા ત્યારે સીતાજીએ કહ્યું કે હું પણ સાથે આવીશ, તે સમે રામચંદ્રજીએ કહ્યું કે, તમે પિયર જાઓ અથવા અહીં રહો.

## તે વિષેનું ધોળ ૧.

મામેરૂં મોઘા મૂલનું એ રાગનું, પણ તેમાં એક ડોઢ જાસ્તી વજેછે.

રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં, સતી સીતાને આવતાં સા-
થ; કહે રઘુનાથ; પધારો પીયર પ્યારી.
નહિતો અહીં રહો સસરાના રાજમાં, હેતે હળીમળી સાસુ
સંગાથ; નહિતો જોડી હાથ; પધારો. ૧
અમે વસ્તીમાં નહિ વસિયે વીનતા. અમે કરશું જઈ વન-
વાસ; તમે પામો ત્રાસ; પધારો.
સાથે રથ કે ઘોડું નહિ રાખીએ, નહિ રાખીએ દાસી કે દા-
સ; કોઈ અમ પાસ; પધારો. ૨
તમે કોશનો પંથ કીધો નથી, ચરણે ચાલવાથી પામો થા-
લીટી ખેંચો નાક; પધારો પીયર.
અમે વનફળ ખાઈ ખુશીમાં રહેશું, કોઈ દિવસે તો કેવળ
શાક; વિના લુણ પાક; પધારો. ૩
વનમાં નથી મંદીર માળીયાં, નથી પહોડવા કાજ પ-
લંગ; રંગીત નવ પધારો.
કરશું ઘાસ કે પાનની ઝુંપડી, સુવા સાથરો તે ખુચે અંગ

ઓમાં શો ઉમંગ; પધારો. ૪

વનમાં હીરનાં ચીતતો નહીં મળે, વનમાં નહિ મળે ફરતાં ફુલેલ; કે તેલ ધુપેલ; પધારો.

વનમાં નહિ મળે શાણી સાહેલીયો, કરશો કે સંગે ખાંત્ય થી ખેલ, ઉમંગ ભરેલ. પધારો. ૫

ઊષ્ણકાળે વાશે ઊંના વાયરા, એવું દેખીને થાશો ઉદાસ-જ્યારે જેઠ માસ; પધારો.

વરસે મેઘને ઝબકશે વીજળી, તેવે ટાણે તો તરૂ તળે વાસ; નહીં છત્ર પાસ; પધારો. ૬

વનમાં ઘાતકી રહેછે રાક્ષસ ઘણા, ચારે તરફ ફરે બહુ ચોર; જેનું ઘણું જોર; પધારો.

વનમાં વાઘ વરૂને વાંદર જેવાં, ઘણાં વિચરે જનાવર ઘોર; બચે નહિ ઢોર; પધારો. ૭

મોટા પરવત દેખીને માનની, તને નજરે જોયા નહિજાય; દોડે ખાવા ધાય; પધારો.

તમે રાજકન્યા કાયા કોમળી, વનવાસનાં દુખ ન વેઠાય; કાયા કરમાય; પધારો. ૮

વનમાં અંધારૂં દેખી ડરો ઘણાં, નથી નીસર્યાં કદી ઘરબાર; છો નાજુક નાર; પધારો.

તમે છોટી ઉમર વર્ષ સોળનાં, નથી સંકટ વેઠયાં લગાર; તમે કોઈ વાર; પધારો. ૯

પરણી આવીને પીયર ગયાં નથી, તમને મળવાને ઈચ્છેછે માય; ચાંપે ચિત ચાય; પધારો.

રાજા જનકજી તમને જંખે ઘણા, તેના સંદેશા આવે સદાય; તેડાં પાછાં જાય. પધારો. ૧૦

ભાત ભાતનાં ભોજન ભાવતાં, તમને મોકલશે મહિપાળ,
પુરાવીને થાળ; પધારો.
અમે અવધે ફરી જ્યારે આવશું, લેશું સ્નેહે તમારી સં-
ભાળ. ત્યારે તતકાળ પધારો. ૧૧
રૂડી મીથીલાપુરી મન માનતી, તેમાં પામશો પરમ વિરામ;
છે બાપનું ગામ પધારો.
ગોરી તમને ગમે તેમ હું કરૂં, એમ દલપતરામનો સ્વામ;
કહે રાજા રામ; પધારો પિયર પ્યારી. ૧૨

## પછી સીતાજી બોલ્યાં તેનું ધોળ.

રાગ ઉપર પ્રમાણે.

એવું સાંભળી સીતાજી કહે, સુણો સુંદર સ્યામ સુજાણ;
પ્યારા મારા પ્રાણ; સાથે રાખો સ્નેહથી.
જુદા પડવાની વાત વાલા કહો. તેતો બોલ લાગે તીખા
બાણ, રઘુકુળ ભાંણ; સાથે રાખો. ૧
સ્વામી જ્યાં તમે ત્યાં ઘર માહરૂં. તમથી વેગળી તે પરદે-
શ; હું જાણું હમેશ; સાથે રાખો.
તમે જોગીનો વેશ જો ધારશો. તો હું જોગણુનો ધરૂં વેશ;
જટા કરૂં કેશ; સાથે રાખો. ૨
સ્વામી તમેરે સુખીતો સુખ માહરે, તમે દુખમાં તો દુખ
મારે દેહ; એમાં શો સંદેહ; સાથે રાખો.
જે કોઈ પરણ્યા પછી રહે પિયરમાં, અવતાર બળો ધીક
એહ; મુવા જેવી તેહ; સાથે રાખો. ૯
સ્વામી તમ વિના મંદીર ને માળીયાં. ભાસે પરવત મોટા સ-
માન; વસ્તી તો વેરાન; સાથે રાખો.
મહાવનમાં ભરી વસ્તી ભાસશે, જ્યારે પામીશ દરસન દાન;

કૃપાના નીધાન; સાથે રાખો. ૪
સાસુ સસરોને માત પીતા સઉ, ભલે જીવો કરો રૂડાં રા
જ; મને મહારાજ; સાથે રાખો.
સ્વામી શું કરૂં ભાઈ ભોજાઈને. સ્વામી શું કરૂં સૈયર સ-
માજ; કેનું નથી કાજ; સાથે રાખો. ૫
સાચું સગપણ જગમાં સ્વામી તણું. બીજો સ્વારથી સઘ
ળો સંસાર; કુટુંબ પરીવાર; સાથે રાખો.
મારા લાડ પાલણ તમે લાલની, બીજો નથી આંસુનો લુના-
ર; કે એકે આધાર; સાથે રાખો. ૬
કાયા પ્રાણ થકી જો જુદી રહે. તો હું તમથી જુદી પડી
છેક; જીવું તજી ટેક; સાથે રાખો.
જો કોઈ જળથી જુદી પાડી માછલી. રાખે દુધમાં કરી
વીવેક જીવે પળ એક; સાથે રાખો. ૭
તમે સુખના સાગર રહો વેગળા. પછી શું કરૂં રાજને પા-
ટ; હવેલીના ઠાઠ; સાથે રાખો.
મને હીરના ચીર ગમે નહીં. મને ન ગમે ઘરેણાંના ઘાટ-
મટાડો ઉચાટ; સાથે રાખો. ૮
હું તો તમને દીઠે થાકી દેખતી. આણ દીઠે તો આંધળી ભાં-
ત; જનમની એ રીત; સાથે રાખો.
મેં તો સ્નેહ તોડો સહુ લોકથી, બાંધી તમ સંગે પૂરણ પ્રી
ત; ચોરાયું છે ચીત; સાથે રાખો. ૯
જમવું જીવન તમથી જુદાં પડી. હોય વીધવીધનાં પકવ
ન; તે વીખનાં નીશાન; સાથ રાખો.
કરીએ ભોજન તમ સંગે ભાવથી, હોય કેવળ શાક કે
પાન; તે મેવા સમાન; સાથે રાખો ૧૦

પડશે તડકાનેતાપ વૈશાખના, તે તો જાણીશ ચંદ્ર પ્રકાશ; રહી તમ પાસ; સાથે રાખો.

મુજને મેલી જો પંથ પધારશો, આવી મળવાની ધરશો ન આશ; નિસ્ચે પામું નાશ; સાથે રાખો. ૧૧

કરતી વાત ઢળી પડી ધરણીએ. નારી જાનકી થઇને નીરાશ; કહે લેતી શ્વાસ; સાથે રાખો.

દયા કરી દેવ દલપતરામને. સતી સીતાને દેખી ઉદાશ; જતાં વનવાશ; સાથે રાખ્યાં સ્નેહથી. ૧૨

## રામચંદ્રજીએ સીતાજીને કાગળ લખ્યો તેનું ધોળ. ૨

માએરૂં મોંઘા મૂલનું—એ રાગનું.

સ્વસ્તિશ્રી પૂરી લંકા સોહામણી,
જ્યાં રાજેછે જનક કુમારી; પ્રીતમ લખે પ્યારીને.
રહો અખંડ એવાતણુ તમતણાં;
એવી આશીષ વાંચો અમારી; પ્રીતમ લખે પ્યારીને. ૧
ગોરી દૈવના જોગે જુદાં પડ્યાં.
પણ પ્રાણ મારા તુજ પાસ; પ્રીતમ લખે પ્યારીને.
બેસું બાગ બગીચે કે બંગલે,
રહું તમવિના અધિક ઉદાસ; પ્રીતમ લખે પ્યારીને. ૨
તારો સ્નેહ ઘડિએ ઘડી સાંભળે,
તારો ભાવ ભુલ્યો કેમ જાય; પ્રીતમ લખે પ્યારીને.
તારા હેતથી હૈડું ભરાય છે,
તે તો લેખણથી ન લખાય; પ્રીતમ લખે પ્યારીને. ૩
મારે અર્થે તમે બાળાપણ થકી.
તજ્યો સઘળો પીયર પરિવાર; પ્રીતમ લખે પ્યારીને.
મારાં લેશ વચન નહી લોપિયાં.

નથી કોપીયા કદીએ લગાર; પ્રીતમ લખે પ્યારીને. ૪
તારી નમ્રતા અમ્રતથી ગળી.
વળી શોભિતો શાંત સ્વભાવ; પ્રીતમ લખે પ્યારીને.
જેથી મનની ઉદાસી તુરત મટે.
તારા બોલનો એવો બનાવ; પ્રીતમ લખે પ્યારીને. ૫
ગોરાદે તારા ગુણ કેમ વીસરે.
કેમ વીસરે વાલપ ભર્યાં વેણુ; પ્રીતમ લખે પ્યારીને.
હેતે હસ્તું વદન તારૂં વીનતા.
મારાં નીરખવા તલખે છે નેણુ, પ્રીતમ લખે પ્યારીને. ૬
દિવસે તુજવિના દિલમાં ગોઠે નહીં.
પીવું પાણી કે જમવું અનાજ; પ્રીતમ લખે પ્યારીને.
રાતે રોઇને આંખ્યો રાતી થઈ.
લોક પૂછે તો આવે છે લાજ; પ્રીતમ લખે પ્યારીને. ૭
ગોરી મનમાં ધીરજ ધરી રાખવી.
કાલે ભાગશે ભવના વીજોગ; પ્રીતમ લખે પ્યારીને.
જેથી રીઝે આપણને જગતપતી.
એવો અહોનીશ કરવો ઉદયોગ; પ્રીતમ લખે પ્યારીને. ૮
જે જે વૃદ્ધ પાડોશીયો શુદ્ધ છે.
તેને પ્રીતથી કહેજો પ્રણામ; પ્રીતમ લખે પ્યારીને
વિલીપણુ મારા મિત્ર પવીત્રને.
કહેજો જરૂરનું હોય જો કામ, પ્રીતમ લખે પ્યારીને. ૯
જોઈતી વસ્તુ જરૂર મંગાવજો.
કશી વાતે મુઝાશો ન મન; પ્રીતમ લખે પ્યારીને.
કાલે દેખીશું દીવસ આનંદના.
જાશે વિસરી દુઃખ ભર્યા દન; પ્રીતમ લખે પ્યારીને. ૧૦

3૯90



જે જે પ્યારી તમારી સાહેલીયો.
તેને પણ મારા કહેજો જૂહાર; પ્રીતમ લખે પ્યારીને.
સાસુ સસરાની આશીષે સુંદરી.
મળશું ભામનીને ભરતાર; પ્રીતમ લખે પ્યારીને. ૧૧
વધે સ્નેહ ને સંપ સુજન સાથે.
તેવી તન મન રાખજે ટેવ: પ્રીતમ લખે પ્યારીને.
અમે થોડી અવધે હવે આવીશું.
એમ દલપતરામનો દેવ, પ્રીતમ લખે પ્યારીને. ૨૨

**સીતાજીએ રામચંદ્રજીને કાગળ લખ્યો તેનું ધોળ.**

રાગ ઉપર પ્રમાણે.

સ્વસ્તિ શ્રી સુભસ્થાન સોહામણું;
જ્યાં રાજે સદા રઘુનાથ; કાગળ લખે કામની.
લખે લંકાં થકી સીતા સુંદરી.
હેતે વંદે જોડી જોડ હાથ; કાગળ લખે કામની. ૧
પત્ર આવ્યો તમારો પ્રીતે ભર્યો.
વાહાલા વાંચી થયો વિશ્રામ; કાગળ લખે કામની.
પણ જીવન તમથી જુદાં પડે.
ઘણા દિવસ થયા ઘનશામ; કાગળ લખે કામની.
માટે મળવાને મન અકળાય છે.
ઘડી એક તે જુગ જેવી જાય; કાગળ લખે કામની.
મારાં નેણનાં નીરથી નાથજી.
સુતાં રજનીમાં શેજ ભીંજાય; કાગળ લખે કામની. ૩
ઘેર ચાલો હવે તો ઘણી થઈ.
નહિ તો જીવડો જાશે જરૂર; કાગળ લખે કામની.
દૈવે પાંખો આપી હોય પીંડમાં,
ઉડી આવું દેશાવર દુર; કાગળ લખે કામની. ૪

વાલા નિત્ય નવી વારતા વાંચીએ.
જેથી પામીએ પૂરો પ્રમોદ; કાગળ લખે કામની.
ચતુરાઈના ચોજ હું ચાળવું.
આવો વિદ્યાના કરીએ વિનોદ; કાગળ લખે કામની. ૫
તાંબાકુંડી ઊંડી રૂડી ઓપતી.
ભાવે ભરૂં માંહી નિરમળાં નીર; કાગળ લખે કામની.
બેસો બાજોઠે ચડી મારા ચોકમાં.
સ્વામી નવરાવું ચોળી શરીર; કાગળ લખે કામની. ૬
કરૂં સરસ રસોઈ રૂડી રીતથી.
પ્રીતે પિરશીને બેસું હું પાસ; કાગળ લખે કામની.
એવા દિવસ તે ક્યારે દેખાડશો,
ક્યારે અંતરની પૂરશો આશ; કાગળ લખે કામની. ૭
સ્વામી તમવિના પીયરને સાસરૂં.
સુનો લાગે સઘળો સંસાર; કાગળ લખે કામની.
મારા માંથાથી મોંઘા પ્રભૂ તમે
મારા આતમાના છો આધાર; કાગળ લખે કામની. ૮
આવે પરવના દિન સુખ સરવને.
હુંતો શોકે ઉદાસી સદાય; કાગળ લખે કામની.
ગાજે મેઘને દમકે જો *દામની.
આખી જામની જંપ ન થાય; કાગળ લખે કામની. ૯
હું તો સુની દેખું સૂખ સેજડી.
ખાલી મંદીર ખાવાને ધાય, કાગળ લખે કામની.
ભરી વસ્તી ઉજડ જેવી ભાસે છે.
એક તમ વિના ત્રિભુવન રાય; કાગળ લખે કામની ૧૦

---

* વિજળી.

વાલા હું તમને કેમ વીસરી.
કેમ વિસર્યું દાદાનું વતન, કાગળ લખે કામની.
પત્ર વાંચીને વેહેલા પધારજો.
સ્વાંમી શરિરનાં કરજો જતન; કાગળ લખે કામની ૧૧
કોઈને દુખિયાં દેખીને દુઃખ પામતા.
તેવી નાથ તમારી છે ટેવ, કાગળ લખે કામની.
આવે અવસરે કેમ કઠણ થયા.
તમે દલપતરામના દેવ, કાગળ લખે કામની. ૧૨

## સુધરેલી સ્ત્રી વિષે પદ. ૩

( શેઠ સગાળશા સાધુને સેવે. )—એ રાગનું
જેને સુધરેલી નારી રે, સદા સુખી તે સંસારી; ટેક.
નિરમળ નમણાં દીસે નિરંતર, નેહ ભરેલાં નેણ,
મનને હરે એવાં મુખથી ખરંતાં, વીણિને લટકે વેણ; જેને ૧
સ્વામીના ચિત્તમાં શોક કે ચિંતા, જો જાણે લવલેશ.
હેતે હસાવીને હિંમત આપે, કાપે સઘળો કલેશ. જેને. ૨
પૂછીને જોતાં પ્યારા પતીની, જો મરજી ન જણાય;
પરઘેર તો શેનું પગલુંજ માંડે, પીયર પણ ન જવાય. જેને. ૩
વરજીના મનની મરજી પ્રમાણે, કામ સદા કરનાર;
સુંદરી એ ભાગ્યશાળીના સારૂ, સરજી સરજન હાર. જેને. ૪
સુપનામાં કદિ કોઈની સાથે, ટંટો કરે નહિં તેહ;
મેલ વિનાનું મન પણ નિરમળ, નિરમળ દીસે દેહ. જેને. ૫
આપે પ્રભુ તેનો વૈભવ પામી, પામે પુરો સંતોષ;
સંકટમાં પણ સ્વામીની સાથે, રંચ ન રાખે રોષ. જેને. ૬
ગામમાં હોય ગરીબ પોતાથી, તેનું જુવે સુખ તોલ;

દોલતવાળાની દોલત દેખી, બોલે ન હલકા બોલ. જેને. ૭
સ્વામીનો શુદ્ધ સ્વભાવ ગમે મન રાચે સ્વામીને રૂપ.
પરપતિને તો પથ્થર જેવે જાણે, હોય જો ભારે ભુપ. જેને. ૮
સાંભળે શબ્દ શિખામણના તે, જીવમાં ચોટી જાય,
દુરગુણ દેખીને દુરથી નાસે, સદગુણ શિખે સદાય. જેને. ૯
આળસ ઊંઘ અતીશે ન દીસે, દીસે ઉદ્યોગી અંગ;
ગંદકીતો જેને દીઠીજ ન ગમે, ન ગમે નઠારો સંગ. જેને. ૧૦
સ્નેહ વધારે ને શોક ઘટાડે, લોકમાં પામે લાજ
એવી મળે જો આ દુનિયામાં, સ્વર્ગ ઈચ્છે શા કાજ. જેને ૧૧
પૂરણ પુન્યથી પુરૂષ પામે, નૌતમ એવી નાર,
દલપતરામ કહે દુનિયામાં, ધન્ય એનો અવતાર. જેને. ૧૨

## ભુંડી ભારજા વિશે પદ ૪.

રાગ ઉપર પ્રમાણે.

ભાઈયો જેની ભારજા ભુંડીરે, તેને પીડા અંતર ઊંડી. ટેક
લાજ તજીને લડાઈ કરે નીત્ય, ભાળવા લોક ભરાય,
સારા માણસના ઘરનું વગોણું જોણું જગતને થાય. ભાઈઓ. ૧
જેમ બીલાડી ઊંદરને જુવે, એમ નાથ સામા કરી નેણ;
પગ થકી પ્રેગટે માથા લગી, એવાં વાંકાં કહાડે વેણ. ભાઈયો. ૨
ચાર ઘડી પેઠ ચઉટે રળે, ત્યારે સુખ બંને નો થાય;
લડીએ આવીને ઘેર બેસે ત્યારે, શેર લોહી સુકાય. ભાઈયો ૩
પોહોર ચડે દીન પોહોડીને ઉઠે, ચોંપે લડાઈનો ચાળ;
જો લડનાર કોઈ ન જડે તો પડતાળે પોતાના બાળ. ભાઈયો, ૪
સ્નેહ કરી કદી સ્વામી સંગાથે, બેશી ન બોલે વાત;
ધુમાડાની પેઠે ધુધવાતી, રહે રોશ ભરી દીન રાત. ભાઈયો. ૫

પેઉ થકીતો ઘણીજ પોતામાં, સમજણુ જાણે સદાય;
દૈવ થાકે તો મનુશના મુખની, શિખામણે શું થાય. ભાઇયો. ૬
પંડીત શાસ્ત્ર ભણેલ પુરાણી, મોટી સભામાં મનાય;
માન તજી મુરખીના મોહોડાના, તેજ હુંકારા ખાય. ભાઇયો. ૭
જેને વીતી હોય તે નર જાણે, આણે બીજા અહંકાર;
ડાહપણનો ધનવંત કહે, કોઈ ગરવ ન કરશો લગાર. ભાઇયો. ૮

## દુષ્ટ નર વિશે પદ. ૫

રાગ ઉપર પ્રમાણે.

કહુ નર દુષ્ટની કાણીરે, સણો સહુ સ્નેહજ આણી. ટેક.
મોડું વેહેલું કામ સુધરે કે બગડે, એ માણુસ માત્રની રીત;
પોતે કર્યું તેતો પાંધરૂં જાણે ને, નારીને મારે નીત; કહુ. ૧
સાસુ નણંદ દેરાણી જેઠાણીના, સાચા જુઠા સુણી બોલ;
વાંક વિના વનીતાને તજે તો, તે નર ખરને તોલ. કહુ. ૨
કાગડે ઘેર્યું ઘુડ ફરે જેમ, ગોરી સદા ગભરાય;
ઘરના કરે સૌ ઠેશ ઘણેરો, તેથી જુદો નહીં થાય. કહુ ૩
સાસરીઆંની સાથે લડી કાડે, રાંડ ઉપર તે રીસ;
સારા મનુષ્યની શિક્ષા ન માને, જેને રૂઠયા જગદીશ. કહુ ૪
માનનીનું અપમાન કરે નીત, ગાએ નઠારી ગાળ;
તુચ્છ ગણે તીરસ્કાર કરે તો, તે નરનું મોંઢું બાળ. કહુ ૫
સમજુનો ટંટો તુરત ટળે, કોઈ ઘરડું આવી કહે ઘેર;
ઊંધુ કહે કે આડુ જુવે, તેનો પાર આવે શીપેર. કહું. ૬
પોતેતો ખાય પીયે ઘણું સારૂં ને વસ્ત્ર ધરે શુભ રીત;
નારીને આપે નિત્યે નઠારૂં, તો કહો કેમ પ્રગટે પ્રીત. કહુ ૭
સ્વામી સાંભળતે વાંક વિના, આવી કામનીને લડે કોય;

સારી રીતે સમાધાન કરે નહી, હીજડા જેવો હોય. કહું ૮
પીયેરીયાં પટકુળ ન પુરે, તો સ્વામી કરે સંતાપ;
સ્વામી નહી એતો સ્વામી સ્વરૂપે, પેલા જનમનું પાપ. કહું ૯

## શિયળનું ઘોળ. ૬

(શિયળ એટલે વ્યભીચાર ન કરવા વિષેનું.)

(બોચર ભજે આવીયાં) એ રાગનું છે.

સુણો સમજુ સકળ નર નારીયો;
મોટો શિયળ તણો મહિમાય, શિયળ પાળો સ્નેહથી.
જે કોઇ શિયળ સારી રીતે સાચવે;
સરવે સુફળ મનોરથ થાય, શિયળ પાળો. ૧
સોના રૂપાની શોભા ન સમજીયે;
શોભા સરસ શિયળ શણગાર, શિયળ.
જેવાં નકટાંને ભુષણ નાખિયાં;
એવાં શિયળ વિના નર નાર. શિયળ. ૨
વધે લાજ અધીક હિક લોકમાં;
પરલોકમાં મુક્તિ પમાય, શિયળ.
સુખ સંપતી શિયળથી સેવીએ;
રીઝે જગકરતા જગરાય. શિયળ. ૩
માટે શિયળ સરવ વીધે સાચવો;
તજો કામી હરામીનો સંગ, શિયળ.
જરીયે ડરીયે ન મરણના ડર થકી;
ભારે ડરીયે શીયળ થતે ભંગ. શિયળ. ૪
તજી લાજ બે અદબી ન બોલીએ;
નહી ડોલીયે મદ છક માંહી, શિયળ.

નીચી નજરે સરલ ચીતે ચાલીએ;
હાંશી મશ્કરી કરીયે ન કાંહી. શિયળ. ૫
કાટી આંખે ફરે જે કોઈ ફાતડા;
તેનું ડાટીએ માટીમાં મુખ, શિયળ.
તજવી સોબત નીત્ય તેહની;
જેણે લજવી જનેતાની કુખ, શિયળ. ૬
ભણવું ગણવું તો તેહનું ધન્યછે;
જેણે કુળને લગાડયો ન ડાગ. શિયળ.
ભણી ગણીને જે શીયળ ન સાચવે;
એના ભણતરમાં ઉઠી આગ, શિયળ. ૭
હૈયાફુટા બોલે બોલ હાંશીએ;
દેખી ફાંશીને નાશીએ દૂર, શિયળ.
શીક્ષા સુંદર દલપતરામની;
જાણી કામની રીખો જરૂર, શિયળ. ૮

## શિયળ વિષેની ગરબી. ૭

( સુણજો સાહેલીરે )--એ રાગની.

શીયળ તણો મહિમા બહુ મોટો, ખોટો નથી ખરોછે જીરે;
વેદ પુરાણ કુરાન કીતાબે; અધિક અધિક ઉચર્યો છે સુણજો
સજનોજીરે. ટેક.
શિયળ વિના સદગુણ સઘળાથી. જરી નહી શોભાવોજીરે
પાઘડી પેહેરી પામરીથી નહી શોભે નાગો બાવો, સુ૦ ૧
હાંડી જમરૂખ તકતા માંડી, શોભાવ્યું ઘર સારૂં જીરે;
દીવા વીના અંધારા ઘરમાં, સૌ દેખે અંધારૂં. સુ૦ ૨
સરવે અંગે સાજુ તાજુ, નાવ નવીન બનાવ્યું જીરે;

પણ તેમાં એક છીદ્ર પડ્યું તો, તરી ન તેડે આવ્યું. સુ૦ ૩
પરમેશ્વરનું બાહાનું પકડે, શિયળ ન પાળે સાચું જીરે;
કવાથ પીએ ને કચરી ન પાળે, તો જીવ્યાનું કાચું. સુ૦ ૪
પુન્ય દાન કે પ્રાર્થનાથી, જરીએ પાપ નહી જાશેજીરે;
લાંચ શિપારશ લેશ ન ચાલે, પરમેશ્વરની પાસે. સુ૦ ૫
જે બાળપણથી ડાહાપણમા, ખાંપણ ખોટુ મળશેજીરે;
બુઢાપણ આપણને આવે, તોપણ તે નહિ ટળશે. સુ૦ ૬
શીયળ થકી સંપુરણ થાશે, પરમેશ્વરની પ્રીતીજીરે;
દલપતરામ કહે દુનિયામાં, સુખદાયક શુભ નીતી. સુ૦ ૭

## સંપ વિષેની ગરબી. ૮

( મીઠડાં ગોરસ લ્યોરે ગોરસ લ્યો. ) એ રાગની છે.

દેશમાં સંપ કરોરે સંપ કરો,
હાંરે જે કોઈ સંપ તજીને સુખ માગે;

તેના સુતેલા શતરૂ જાગેરે, દેશમાં સંપ. ૧
હાંરે તજી સંપ લડાલડી આવે;
તેમાં તુરત ત્રીજાને ફાવેરે; દેશમાં સંપ. ૨
હાંરે જે કોઈ વીઘા જમીન સારૂ લડતા;
રાજ ખોઈને રહ્યા હવે રડતા રે; દેશમાં સંપ. ૩
હાંરે હજુ હઈયે વીચારી નહી જોશો;
ખરેખાત છે હાથમાં તે ખોશો રે, દેશમાં સંપ. ૪
હાંરે તમે ટંટા ધરમના ટાળો;
જે જે પ્યારો લાગે તે ધરમ પાળો રે, દેશમાં સંપ ૫
હાંરે છળ દગા કપટ દો છોડી;
આખા દેશની થઈ આબરૂ થોડીરે. દેશમાં સંપ. ૬
હાંરે ફરી સંપ કાંઈ હુનર હલાવો;

ફરી દેશની દશા ફેરવાવો રે. દેશમાં સંપ. ૭
હાંરે કોઈનું સારૂ દેખીને શીદ દાઝો;
તેને ખુડાડી મારવા ન બાઝો રે. દેશમાં સંપ. ૮
હાંરે માનો દલપતરામની વાણી;
પક્ષપાત વીના સત્ય પ્રમાણી રે. દેશમાં સંપ. ૯

## રાગ હોળી. ૯

( રંગરેજ ચુનર મોરી રંગદે. ) એ રાગની છે.
ગોરી વશીયે સદા સંપ કરીને.
જોને ગયા તે દીવસ નહી દેખીયે ફરીને; ટેક.
ક્લેશ તો લેશ કદાપી ન કરીયે.
હુતે સંભારીએ હરીને. જોને૦ ૧
માનશીમાં મોટી કીરતી મેળવીયે,
ઉંચાં આચરણ આચરીને; જોને૦ ૨
સંપની સંપત્તી સંચીયે સઘળી,
દીલમાં કુસંપથી ડરીને; જોને૦ ૩
સંસારનું સુખ પામીયે સરસું,
મુક્તી મળે વળી મરીને. જોને૦ ૪
જાનકી, દ્રુપદી, ને કુંતાજી સતીયો,
વરતો એને અનુસરીને જોને૦ ૫
ક્લેશી મનુષ્ય સુખ કોઈને થવા દે ન,
સ્થીર ન બેસે પોતે ઠરીને; જોને૦ ૬
તીલભર તાપ ન રાખીયે તનમાં,
મનમાં ધીરજ ઘણી ધરીને; જોને૦ ૭
હેતથી હળી મળી હરખમાં વશીયે,

વહુવર વિગતથી વરિને. જોને૦ ૮

પૂરણ રાખિયે પ્રેમ પરસ્પર,
તે નહિ જાય ઉતરિને, જોને૦ ૯
ટાળિયે તનના સંતાપને ચિંતા,
એક બીજાને ઉચરિને;

સુખની ઘડી કેમ દુખમાં ગમાવે,
ભાવે બોલો ખુશિ ભરિને; જોને૦ ૧૦

દલમાં વિચારીને વિગતે શિખામણ,
શિખેતો સારી સુંદરિને. જોને૦ ૧૨

## ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની ગરબી. ૧૦

( મને રસ્તા વચ્ચે રોકીરે, છેલ છબીલા છોગાળા. )—એ રાગ

પરિ પૂરણ ભાગ્યે પ્રગટીરે. વર્નાક્યુલર સોસાઈટી.
જેણે લુચ્ચાઈને કરી નકટી રે, વર્નાક્યુલર. ૧

સંવત ઓગણિસે પાંચો રે. વર્નાક્યુલર.
જેનું જન્મ વર્ષ એ વાંચો રે. વર્નાક્યુલર. ૨

ફળ ઈચ્છક સાહેબ ફાર્બસ રે, વર્નાક્યુલર.

વળી વાલિસને ફુલ જેમસ રે. વર્નાક્યુલર. ૩
ગુજરાતી રાજા રાણા રે, વર્નાક્યુલર

બહુ મેંબર માંહી લખાણા રે. વર્નાક્યુલર. ૪
મુળ રાજનગરમાં* રોપ્યા રે. વર્નાક્યુલર.

પછિ સીવઈને તે સોંપ્યાં રે. વર્નાક્યુલર. ૫
સંદેસા પત્ર છપાવ્યાં રે, વર્નાક્યુલર.
તે ખાંતે ખૂબ ખપાવ્યાં રે. વર્નાક્યુલર. ૬
કરી પુસ્તક સંગ્રહ પ્રીતે રે, વર્નાક્યુલર. ૭

---

* અમદાવાદ.

કરી નીશાળ રૂડી રીતેરે. વર્નાકયુલર. ૭

બાળકિયો ભણવા બેઠી રે, વર્નાકયુલર.
એ રીત પ્રથમથી પેઠી રે. વર્નાકયુલર. ૮

બહુ નવા નિબંધ રચાવ્યારે, વર્નાકયુલર,
કવિયોના શોધ કરાવ્યારે. વર્નાકયુલર. ૯

સવંત આઠની સાલેરે, વર્નાકયુલર.
સંભાળી ભોગીલાલેરે. વર્નાકયુલર. ૧૦

સાહેબ. કરટીસને સોંપીરે, વર્નાકયુલર.
એણે ઓપ ઘણો દઈ ઓપીરે. વર્નાકયુલર. ૧૧

બહુ જાણપણે કરી જુગતીરે, વર્નાકયુલર.
કરી પાંચ વરશમાં પુખતીરે. વર્નાકયુલર. ૧૨

પ્રતીપાળ પણાની છાપેરે, વર્નાકયુલર.
થયા એલફિસ્તન આપેરે. વર્નાકયુલર. ૧૩
હીમતથી હરકોરબાઈરે. વર્નાકયુલર.
ભલપણથી હીમાભાઈએરે. વર્નાકયુલર. ૧૪

દઈ દીધા દામ હજારોરે, વર્નાકયુલર.
સમજીને સરસ સુધારોરે. વર્નાકયુલર. ૧૫

બહુ કીર્ત્તિ બુદ્ધિપ્રકાશેરે, વર્નાકયુલર.
પોહોચાડી સજ્જન પાસેરે. વર્નાકયુલર. ૧૬

જેની ચંચળ કવિતા ચાલીરે, વર્નાકયુલર.
કોઈ ગામ રહ્યું નહિ ખાલીરે. વર્નાકયુલર. ૧૭

જેની ચલગત ચાલ તપાસીરે, વર્નાકયુલર;
શીખ્યા મુંબઈના વાસીરે. વર્નાકયુલર. ૧૮

કરી કુમારીઓને કાજેરે, વર્નાકયુલર.
નિશાળો સમજુ રાજેરે. વર્નાકયુલર. ૧૯

જેમ ઉગે રવિ આકાશેરે, વર્નાકયુલર.

ઉદ્યોગ કરે સહુ આશેરે. વર્નાક્યુલર. ૨૦

જેજે કાંઈ કરે સુધારોરે, વર્નાક્યુલર.
તે વળતી થાય વધારોરે. વર્નાક્યુલર. ૨૧

એમ દેશ સુધરશે આણોરે, વર્નાક્યુલર.
હૃદયામાં નિશ્ચય રાખોરે. વર્નાક્લયુર. ૨૨

એ કામ ધિરજ ધરી ધરવું રે, વર્નાક્યુલર.
પરમેશ્વર પ્રીતે કરવું રે. વર્નાક્યુલર. ૨૩

કમ્મર બાંધીએ કાંમે રે, વર્નાક્યુલર.
દિલ દીધું દલપતરામે રે. વર્નાક્યુલર. ૨૪

## વ્હેમ તજવાની ગરબી. ૧૧

( જે કોઈ અંબીકાજી માતને આરાધશેરે લોલ. )

એ રાગની.

સુણો શીખવા વીવેક એક વાતડી રે લોલ
છુટે મુર્ખપણું છેક ખુલે છાતડી રે લોલ. ૧

ગુંથ્યા ગુણ ભરેલા ગ્રંથ ભણો ભાવથી રે લોલ;
પામો સ્ત્રી સતીના પંથ તે પ્રભાવથી રે લોલ. ૨

તજને વહેંમ ભરી વાચ† વહેંમીયે કહી રે લોલ;
ભુત પ્રેતને પીશાચ સાચ છે નહીં રે લોલ. ૩

દોરા ચીઠી મંત્ર જંત્ર જુઠ જાણજે રે લોલ;
આશા ઠુચકાના તંત્રમાં ન આણજે રે લોલ. ૪

દેતાં દાગ કરે કામ દેવ દેવીયો રે લોલ;
કહે લોક ઠામ ઠામ વાત એવીયો રે લોલ. ૫

ફરી મેખ વર્ખ કુંભ ઠગે જોશીયો રે લોલ;
ઝાડા ઊતરણીને દંભ ઠગે ડોશીયો રે લોલ. ૬

---

† વાણી.

કૈક પુત્ર પૂત્રી કાજ ખત્તા ખાયછે રે લોલ;
છત લાજ જોગીરાજ પાસ જાયછે રે લોલ. ૭
વશીકરણ તણી વાતથી લુટાય છે લોલ;
ભોળી ભામનીની જાત તે ઠગાયછે રે લોલ. ૮

ખરૂં માનીને ખચીત ચીત ચેતજો રે લોલ;
ધારો ગાવા આવાં ગીત હૈયે હેતજો રે લોલ. ૯

જશે ભુલ ભર્યાં ભર્મ મર્મ જાણશો રે લોલ;
પાળવા પવીત્ર ધર્મ ઈચ્છા આણશો રે લોલ. ૧૦

ભજો રાજાધીરાજ મહારાજને રે લોલ;
થશે કાજ વળી આજ પામો લાજને રે લોલ. ૧૧

તજો તુચ્છ જેવી ટેવ અહમેવતા† રે લોલ;
રીઝે દલપતનો દેવ દેવ દેવતારે* લોલ. ૧૨

## ગોર્યો વિશે ગરબી. ૧૨

( લાવ લાવ સખી એક કાગળ લખિયે હરીને રે. )
એ રાગની.

અમદાવાદ નામે આજ, શેહેર છે સારૂં રે;
રાજ કંપની કેરૂ રાજ, પ્રજાને પ્યારૂં રે. ૧

ચકટા વચે માણેકચોક, શોભા સારી રે;
વસે લક્ષપતી બહુ લોક, વડા વેહેપારી રે. ૨

નદી સાબ્રમતી વહે નીર, શેહેર સમીપે રે;
દેવતાઓનાં તેને તીર, દેવલ દીપે રે. ૩

એવી જુગતીઓ જોતાં અનેક, મને લાગે મીઠું રે;
પણ અચરજ મોટું એક, દ્રષ્ટીએ દીઠું રે. ૪

[illegible]તથી તેરસ પેહેલે પક્ષ, અસાડી આવે રે;

---

† હુંપદ. * સઘળા દેવનો પણ દેવતા તે પરમેશ્વર.

તારે ગોરય પુજાનો લક્ષ, છોડીઓ લાગેરે. ૫

દીન પાંચ લગી એક અન્ન, મોળુ જમેછે રે;
મોહોટા હરખ ધરીને મન, રોજ રમેછે રે. ૬

પુજે વાવી જ્વારા ઘેર. ગોરય રીઝવારે:
જાય પ્રીતે મળી બહુ પેર, નદીએ નહાવારે. ૭

અન્યો અન્ય કરે ઉદમાત, નઠારૂં બકેછેરે;
ગઈ ગોરય પુજ્યાની વાત છાકી છકે છેરે. ૮

જેવી હોય હોળીની ઘેર, એથી અતી[illegible]રે;
બોલે ભડવાની પુત્રીઓ પેર, દુષ્ટતા હસેરે. ૯

તેના માત પિતાને ભ્રાત, પુરા હશે પાજીરે;
જ્યારે સાંભળતા હશે વાત, થતાં હશે રાજીરે. ૧૦

કોઈ સાહેબ એવી વાત, દેખે જો રીતેરે;
તેના માત પિતાની જાત, [illegible] છે [illegible]તેરે. ૧૧
ત્યારે કેવી વધે છે લાજ, ભલી [illegible]રે;
એવા નિરલજ લોકો આજ, [illegible] વાસીરે ૧૨

કરૂં વીનતી સમાચાર પત્ર, અરજી ધરજેરે;
તેના નામ લખી સરવત્ર, જાહેર કરજેરે. ૧૩

ઘણી નીંદ્યાના લખજે સ્લોક, ન્યાયની નીતીરે;
જેથી લાજ પામે એ લોક, તજે તે રીતેરે. ૧૪

હવે કહુંછું જોડીને હાથ, વીરાંને ગમવારે;
એવી નિરલજ છોડીઓ સાથ, ન દેવું રમવારે. ૧૫

લઈને ગોરય પુજાનું નામ, કામ એ કરવુરે;
મોટુ પાપ હરે એ દાન, દીલમાં ડરવુરે. ૧૬

ભલે મોટા હરખ મન માંહી, વરત દીન જેહીરે;
પણ ફુટયા રોવાનું કાંઈ, ન કરવું તે દીરે. ૧૭

છોટાપણમાં પડે જે ટેવ, ટળે નહી ટાળીરે;

માટે નીતી શીખો તતખેવ, બોલો સંભાળીરે. ૧૮

કદી પુરીએ નહી કોઈ હામ, સાહેદી જુઠીરે;
લેઈએ પરમેશ્વરનું નામ, પ્રભાતે ઉઠીરે. ૧૯

પતી માત પિતાની સેવ, કોડે કીજેરે;
જેથી દલપતરામનો દેવ, દીલમાં રીજેરે. ૨૦

## સુંદરબાઇને સાસરે જતાં શીખામણની ગરબી. ૧૩

"અચકો મચકો કારેલી. એ રાગની."

સુંદરબાઈ ચાલ્યાં સાસરીએ,
માબાપ શીખામણ આપે બેહેન. લાજ વધારો લાખેણી.
નીચા કુળની નીરલજ નારી,
ભરથારનું વેણ ઉથાપે બેહેન. લાજ૦ ૧

સાસુજી કહે તે સાંભળજો,
કોઈથી વઢવાડ ન કરશો બેહેન. લાજ૦
સાંખી રેહેજો બોલ્યું સહુનું,
અભીમાન અંતર ન ધરશો બેહેન. લાજ૦ ૨

ઘરમાં બેઠા ધંધો કરીએ,
પર ઘેર ઘણું નવ જઈએ બેહેન. લાજ૦
તમે ભણ્યાં ગણ્યાં બહુ છો ડાહ્યાં,
તમને આગું શું કહીએ બેહેન; લાજ૦ ૩

ઘેલાં ઘેલાં તો નવ રહીએ,
ચટકો મટકો નવ કરીએ બેહેન; લાજ૦
કોઈ વાત કરે વાંસે લોકો,
એવું કદીએ ન આચરીએ બેહેન; લાજ૦ ૪

જે સતપૂત છે સારી છોડી,
મા બાપની લાજ વધારે બેહેન; લાજ૦
મણિ લોહ તણું સોનું કરશે,

સોબતિને એમ સુધારે બેહેન; લા૦ ૫
જે સંપ સગાથી તોડે છે,
કોઈ વખત હાથ ઘસે છે બેહેન; લા૦
જે સઉનું સારૂ ઈચ્છે છે,
તેના દલમાં દેવ વસે છે બેહેન. લા૦ ૬

## સાહેલીને શીખામણની ગરબી. ૧૪

( મા પાવા તે ગઢથી ઉતર્યાં મા કાળીરે. )—એ રાગની છે.

સુતાં ઉઠી સુભ રીતથી, સાહેલીરે.
પરમેશ્વર ભજવા પ્રીતથી; સાહેલીરે. ૧
પછી દાતણ પાણી થાયછે, સાહેલીરે.
જેથી દુરગંધી જાયછે. સાહેલીરે. ૨
નાહાવું નીત્ય નીર્મળ નીરથી સાહેલીરે.
સઘળા જાય મેલ શરીરથી. સાહેલીરે, ૩
સંતોશે જમીએ જે મળ્યું, સાહેલીરે.
નહી ખાઈએ નીત્ય ગળ્યું ગળ્યું. સાહેલીરે. ૪
પટકુળ ઝીણાં નહી પેહેરીએ, સાહેલીરે.
ગાવા ન જવું પર શેરીયે, સાહેલીરે. ૫
આભરણ* ઝાઝાં નહી ઈછીયે; સાહેલીરે.
સદગુણની શોભા પ્રાછીયે. સાહેલીરે. ૬
નીર્લજની સોબત છોડીયે, સાહેલીરે,
વહાલાથી વેર ન જોડીયે, સાહેલીરે. ૭
સઘળું સરખું નહી લેખીયે, સાહેલીરે.
દલમાં ડાહ્યા થઈ દેખીયે. સાહેલીરે. ૮

---

* ઘરેણાં

## ભરત ચિત્ર શીખવાની ગરબી. ૧૫

( અલબેલીરે અંબે માત જોવાને જઈએ. ) એ રાગની.

આવો આવો રે શીખીગે આજ, ભરતજ ભરવાને;
લાવો લાવો રે સઘળો સાજ, ચીતર ચીતરવાને, ટેક.

ચીતર ચીતરવાને ભરતજ ભરવા, માત પીતા મન હરવારે;
જગ કરતાના કર્તવ્યને, કાંઈ કાંઈ ઉતેજત કરવા. ભરતજ. ૧
પોપટ ચીતરોને પાંજરૂં ચીતરો, ચીતરો ગાયો ચરવારે;
ફુલ ઝાડ તો ફુલડાં ચીતરોને, ચીતરો આંબે મરવા; ભરતજ. ૬
ચતુર મનુષ્યના ચેરા ચીતરો, સજ્જનને સાંભળવારે;
ચીતરો મંડપ ચોરી મધ્યે, વર વહુ બેઠાં વરવા; ભરતજ. ૨
ભણતર ભણતી કુંવરી ચીતરો, શીખતી પાઠ સુધરવારે;
પનઘડની પાણીઆરી ચીતરો, હોય જતી જળ ભરવા; ભરતજ. ૪
નીર્મળ જળની નદીઓ ચીતરો, ચીતરો ગીરીવર ગરવારે;
નાટકશાળામાં નટ ચીતરો, ચીતરો નરપતી નરવા; ભરતજ. ૫
પરવતના પાયામાંથી જે, ઝરણાં લાગે ઝરવારે;
તે ચીતરીને હીમગીરી ચીતરો, ઠંડકથી જળ ઠરવા; ભરતજ. ૩
શીતળ વાયુ વાય શીયાળેને, લાગે પાન વીખરવારે;
વૈશાખે વનવેલી ફુલેને, જળ વરસે ભાદરવા; ભરતજ. ૭

ચીતરોને સજની મોતની મૂર્તી, દુષ્ટ કરમથી ડરવારે;
ભાવે પ્રભુના ભજનીક ચીતરો, અવસર અંત ઉગરવા; ભરતજ. ૮
રતન સહીત રતનાગર ચીતરોને, ચીતરો નાવ ઉતરવા રે;
સુત ધવરાવતી સુંદરી ચીતરો, પ્રીતે પુત્ર ઉછરવા ભરતજ. ૯
ઝમરૂખ ચીતરોને હાંડીયો ચીતરો ભોંય જાજમ પાથરવારે;
ખુબસુરતની છબીયો ચીતરો, રંગમેહેલમાં ધરવા; ભરતજ. ૧૦
વીધ વીધનાં કાંઈ વાસણ ચીતરો, ઘરમાં ઘણુ વાપરવારે;
ગાડી બગીને ચારઠ ચીતરો, સાંજ સવારે ફરવા; ભરતજ. ૧૧
ચીતર થકી ચીત ચીંતા ટળવા, શોક સકળ પરહરવારે;
દલપતરામ કહે દુનીયામાં, સુખથી દીવસ નીસરવા; ભરતજ. ૧૨

## ભરથારને વશ કરવાની ગરબી. ૧૬

( અલબેલી રે અંબે માત જોવાને જઈએ. ) એ રાગની.

લલનાં નહી થાય લગાર, કામણ મંત્ર કશે;
આ મંત્ર કરો ઉચ્ચાર, વશ ભરથાર થશે. ટેક

પ્રાણથકી પીયુજી છો પ્યારા, ન્યારા ન રહો નાથરે;
સર્વ થકી લાગોછો સારા, હુ વેચાઉ તમ હાથ; કામણ. ૧

તમ મનમાં રહુ સાજી તાજી, રાજી દેખુ રાજરે;
જો કદી જાણુ કાંઈ કુરાજી, ડુબ્યાં દરીએ જહાજ; કામણ. ૨

માત પીતાએ મોટી કરીને, હેતે સોંપ્યો હાથરે;
સુખ આપો કે દુઃખ આપો, તમેછો મસ્તકના નાથ; કામણ. ૩

ગુણસાગર ગંભીર છો સ્વામી, હું અવગુણ ભરી આજરે;
પોતાની ગણી પ્રેમ નિભાવો, બાંહ્ય ગ્રહ્યાની લાજ; કામણ. ૪

સ્નેહ તમારો જોઈને સ્વામી, જામી મીલકત જેમરે;
ખુબ ખુશી થઈ ન રહી ખામી, પામી પૂરણ પ્રેમ; કામણ. ૫

ભલુ કરયું ભગવંતે મારો, સફળ કરયો અવતારરે;
ગેહેર કરી મન ગમતો આપ્યો, તમ સરખો ભરથાર; કામણ. ૬

સગાં સરવ તમ સારૂ તજ્યાં, તજ્યા સૈયર સંગરે;
દોસ્તી સર્વની દુર કરી હું, રાચી તમારે રંગ; કામણ. ૭

આભ ઉંચોને નીચે અવની, અવર નથી આધારરે;
આશા રાખું એક તમારી, છો સુખના દાતાર; કામણ. ૮

જો સુન્દરીને રીઝે સ્વામી, તો શોભે શણગારરે;
નહી તો તે શણગાર સરવ છે, આગતણા અંગાર; કામણ. ૯

દુનીયામાં નર તમને દેખું, બીજા લાલ ફકીરરે;
તુચ્છગણુછું તે સઘળાને, હોય અમીર વજીર; કામણ. ૧૦

જળ જંતુને જળ સંઘાથે, જેવી પુરણ પ્રીતરે;
પલકપંડ જો દુર તરફડે, એજ અમારી રીત; કામણ. ૧૧

પાર ન લે પ્રીતી વરણવતાં, સ્થીર બેશી એક ઠામરે;
રાત દીવસ કવિતા રચનાજો, રચશે દલપતરામ; કામણ. ૧૨

## લગ્નમાં ફટાણાં ન ગાવા વિશેનું ગીત. ૧૭

( ધોળકામાં ધરમશી ફુલતો, મેઘાડંબર ગાજે ) એ રાગનું.

આવો સૈયર બાઈ બેનડી, ગાઈએ ગીત રૂપાળાં;
મંડપમાં મેલો દીવડો, ભલાં થાય અજવાળાં. ૧
આજ ઘડી આનંદની, આજ રજની રૂપાળી;
સોનાનો સુરજ ઉગીયો, આજ દીવસ દીવાળી. ૨
ગાઇએ ગીત ભલાં ભલાં, વેવાણોને હરવીયે.
બોલ બે અદબી ન બોલીયે, જેથી જાત લજવીએ. ૩
કોળી નાળીના કુળની, એનો ગાય નઠારૂં;
આપણે ઉતમ જાતનાં, નહી ગાઇએ નઠારૂં. ૪
જાતને ભાતનો જાણીયે, બોલે બોલ જે ઘડીયે;
બોલે નઠારૂં તો નાયકા, એમાં આઘાં ન પડીયે. ૫
ઉત્તમ જાતની ઓરતો, ખોટું ગાતાં લજાશે;
મધ્યમ જાતની માનની, ગીતે મસ્કરી ગાશે. ૬
મસ્કરી પણ મરજાદની, આપણી એમ ન ખોલો;
જરૂર ફટાણાંની હોય જો, કહું એટલું બોલો. ૭
વેવાણને ટશે વાંદરી, ગાંઠ પુંછડે વાળો;
વેરાગી કહીયે વેવાઇને, કાંધે કાંબળો કાળો. ૮
એથી અધીક વીધે ઓચરે, નીચી જાતમાં ભળવા;
બાપ બાઈ બેઠાં સાંભળે, જેવા વેશ્યાના ભડવા. ૯
ધીક પડયો અવતાર એ, શબ્દ શું કહીયે જાદા;

કામની નહી એતો કુતરી, મરદ નહી એતો માદા. ૧૦
સારી શીખામણ ગાઇયે, જેથી રામજી રીઝે;
દસકત દલપતરામના, દીલમાં લખી લીજે. ૧૧

## રૂષણું તોડવાની ગરબી. ૧૮

(હુંતો ઈશ્વરને પૂજવાને નીસરી રે લોલ ચોખા
કંકાવટી વીસરી રે લોલ.) એ રાગની.

કહું તે સખી તું કોઇને કહીશમાં રે લોલ,
કાલે રહ્યાતા કંથ રીસમાં રે લોલ;
એકે બોલ ન આવ્યો મારા ઉચ્ચારમાં રે લોલ,
તે ઘડીયે હું પડી વીચારમાં રે લાલ. ૧
શાને માટે રીસાયો જાયો સાસુનો રે લોલ,
આંખે પ્રવાહ વહે આંસુનો રે લોલ;
ખાન પાનને ભુલી હું ગીત ગાનને રે લોલ,
ભુલી શરીર કેરા ભાનને રે લોલ. ૨
દાઢે ફુલ થાય શુળતો શરીરમાં રે લોલ,
હેત ગયું તુટી હીર ચીરમાં રે લોલ;
મને શુળી સમાન લાગ્યું સાસરૂ રે લોલ,
સુજે નહીં જે હવે શું કરૂં રે લોલ. ૩
ચડયો ચાંદો આકાશે ભલા ભાગ્યનો રે લોલ,
ભડકો ઊઠયો તે જાણું આગ્યનો રે લોલ;
મેનાં પોપટ જે બોલે મુખે મીઠડાં રે લોલ,
દુઃખમાં મેં શતરૂ જેવાં દીઠડાં રે લોલ. ૪
ભાસે વાડીતો ઝાડી ભયંકારશી રે લોલ,
આંબોના પાટા જેવી આરશી રે લોલ;

હું તો ઉઠી જઈ બેઠી દીવા આગળે રે લોલ,
કાંઈક પડી ત્યાં નજર કાગળે રે લોલ. ૫
કીધો શોધનો સ્ત્રીબોધનું ચોપાનીયું રે લોલ,
વાંચવા તે મારૂં મન માનીયું રે લોલ;
ગરબી રૂસણું તોફાની રૂડા રાગમાં રે લોલ,
ભાળી રૂપાળી છેલ્લા ભાગમાં રે લોલ. ૬
લઈને ગાવા લાગી હું જીભે જે ઘડી રે લોલ,
ત્યાંથી ઉઠીને આવ્યા તે ઘડી રે લોલ;
હેત આણી વખાણી વાણી બોલીયા રે લોલ,
દીલમાં હરખીને ઘણું ડોલીયા રે લોલ. ૭
જાણ્યું ધનરે ઘડીને ધન રાતડીરે લોલ,
છુટ્યો ક્લેશ ઠરી છાતડી રે લોલ;
બલે આવ્યો આકાશ ચઢી ચંદ તું રે લોલ,
આપે છે આજતો આનંદ તું રે લોલ. ૮
એમ વાંચ્યે સ્ત્રીબોધ બોધ ઉપજ્યો રે લોલ,
ભાઈરે કવી તારૂં ભલું થજો રે લોલ;
ગરબી સાંભળીને રાખશે જે રૂશણું રે લોલ,
પાપ તેને માથે પૃથ્વી તણું રે લોલ. ૯
બેમાં બુદ્ધિ વિશેષ વાળું જે હશે રે લોલ;
તુર્ત તે અબોલા તજી બોલસે રે લોલ;
વીતી વાર તે લગાર નાવે વાળીને રે લોલ,
સંપે વસો સદા સંભાળીને રે લોલ. ૧૦
નથી વસવું મળીને વર્ષ શો બસે રે લોલ,
પંખી માળાને પડે થશેરે લોલ;

નહી કયારે કલેશ લેશ કીજીએ રે લોલ,
પ્યારથી પ્રેમ રસ પીજીએ રે લોલ. ૧૧
મહારાજા ધીરાજ તેથી રીજશે રે લોલ,
નહી તો ખરેખરા તે ખીજશે રે લોલ;
રૂદે રાખો રૂડાં દલપતરામનાં રે લોલ,
કોટી પ્રકારે કેણુ કામનાં રે લોલ. ૧૨

## ચાલ વિષે ગરબી. ૧૯

ચાલો તમે ચાલ ઘણી રૂડી;
મુકી દેવી વાણી હોય ભુંડી. ચાલો૦ ૧
રમવું તો ડાહ્યાની સાથે;
કે કજીઓ નહી આવે માથે. ચાલો૦ ૨
વસ્ત્ર વગરનાં નહી ફરીએ;
મા બાપનું બોલ્યું ગાન ધરીએ. ચાલો૦ ૩
ભુંડી પાળી સાથે નહી રમીએ;
બોલેલું વહાલાનું ખમીએ. ચાલો૦ ૪
બીજાનું જોવું કાંઈ લેવા માટે;
ન લડીએ મોટાની સાથે. ચાલો૦ ૫
સાચુ બોલે તે સારી.
જુઠેતો દુખ થશે ભારી. ચાલો૦ ૬
વિદ્યા ભણશે તે સારી;
તેના પર જઈએ બલીહારી. ચાલો૦ ૭
ધંધા વગરના નહી ફરીએ;
મેહેતાજીની શિક્ષા મન ધરીએ. ચાલો૦ ૮

## છોડીયોને ભણવા વિશે ગરબી. ૨૦

બેહેનો તમે ભાવ સહીત ભણજો;
ગાંડા લોકો નીંદે તે નવ ગણજો. બેહેનો. ૧
ભણે તેતો ભગવંતને ભાવે,
એથી દીલ ગ્નાન અધીક આવે;
તજી અવગુણ સદગુણ લાવે. બેહેનો. ૨
ભણે તેતો અપજશથી ભાગે,
જેને ઘણી લાજનો ખપ જાગે;
મોટી સતિઓનું પદ માગે. બેહેનો ૩
દુરાચાર હોય ન ભણે તેમાં,
જમ્યા જુઓ કેદી રહે જેમાં;
અધીકતો હશે અભણ એમાં. બેહેનો. ૪
ભણેલી હતી રૂકમણી રાણી,
મીરાંબાઈ મુલકમાં વખણાણી;
જેની કવીતા જગ રાઊ જાણી. બેહેનો. ૫
પ્રિયાને પાપ ભણે લાગે,
એવું કોઈ લખી ન ગયા આગે
મોડે બોલનારા જુતી માગે. બેહેનો ૬
ભણ્યા વિના ક્યાંથી અક્કલ આણે,
નીતિની રીતી તે કેમ જાણે;
ભણ્યા વિના જન પશુ પ્રમાણે. બેહેનો. ૭
ભણી ગણી નાગરની નારી,
શા રીતે નહી કહીએ સારી;
ચતુર લેજો ચીતમાં વીચારી. બેહેનો. ૮

ભણો તમે આળસ બહુ છોડી,
થશે તેથી લાજ નહી થોડી;
કહે દલપત બેઉ કરજોડી. બેહેનો. ૯

## સજનીને શીખામણની ગરબી. ૨૧

"કેફ ન કરીએજીરે" એ રાગની.

સાંભળ બેહેન શીખામણ સારી, તે છે સાતર તારીજીરે;
સુખ સંપતિ સત કીર્ત્તિ સેવીશ, માનીશ વાત અમારી;
સુણજો સજનીજીરે. ૧
સજ સઘળાથી પેહેલાં જાગો, પ્રીત સહીત પ્રભાતેજીરે;
આળસને તો મેલો અળગી વળગી ન રહે વાતે સુ૦ ૨
પ્રાર્થના પરમેશ્વરની કરી, ઘર ધંધામાં ધશિએજીરે;
જ્યાં સુણીએ ઉપદેસજ ઉલટો, ત્યાં નહી વાસો વશિએ સુ૦ ૩
જે નારી વઢકારી નઠારી, લડશે લાજ વિસારીજીરે;
તો તેમાંથી તુરતજ પાછા, હઠીએ હીમત હારી સુ૦ ૪
લટક ચટકની ચંચળ ચાલે, ચૌટામાં નહી ચાલોજીરે;
સદ આચરણ વિના સૂવરણનો, ઠાઠ ન ઠરીએ ઠાલો સુ૦ ૫
પાણી પેહેલી પાળ્યો ચણીયે ભણીયે ગણીયે ભાવેજીરે;
ખુબ કરજની ખાણુ ન ખણીયે, જે થકી નીંદ્રા ન આવે સુ૦ ૬
આવકનો અડસટો જોઈને, જાવક કરીયે જાણીજીરે;
આવકથી અદકુ ખરચે, ઘર ખોવાની નીશાની સુ૦ ૭
દિલમાં થઈ મગરૂર ન ડોલે બોલ ન બોલે બળમાંજીરે;
માનધરે અભીમાન ધરયાથી, ઘટે પ્રતિષ્ઠા પળમાં સુ૦ ૮
નમ્રપણામાં અમ્રત સરખો, સ્વાદ વસે છે સારોજીરે.

મગફરીમાં રસ નથી મીઠો, ખાટો તીખો ખારો સુ૦ ૯
હરખ હમેશ હૈયામાં ધરીએ, કદીએ કલેશ ન કરીએજીરે;
માણસનું જીવતરછે મોંઘુ, જડે ન નાણે જરીએ સુ૦ ૧૦
સુધરેલી સુંદરીઓ સાથે નામ ગણાએ જેનું જીરે;
દલપતરામ કહે દુનિયામા, ધનધન જીવતર તેનું. સુ૦ ૧૧

## ઘેલી મુસાફરીની ગરબી.

"સમીસાંજના ચોર છપાયારે, લઈ બામણીયો" એ રાગની.

એક હતી મુસાફર ઘેલીરે, સુણો સાહેલિયો;
તેની આગળ એક તપેલીરે, સુણો સાહેલીયો. ૧
ગઈ રાતની રાખી એઠી રે, સુણો સાહેલિયો;
ઉઠી પરભાતે માંજવા બેઠીરે, સુણો સાહેલિયો. ૨
ઘણી રીત ઘશી ઘશી થાકીરે, સુણો સાહેલિયો;
બહુ ડાઘા રહ્યા તોય બાકીરે, સુણો સાહેલિયો. ૩
પુરી રીસે તપેલી ઉપાડીરે, સુણો સાહેલિયો;
સામી ભીંતની સાથે પછાડીરે, સુણો સાહેલિયો. ૪
લેઈ પથરો તપેલીને કુટીરે, સુણો સાહેલિયો;
પછાં ફાકાં તપેલી તો ફુટીરે, સુણો સાહેલિયો. ૫
થયા બપોર ભુખતો લાગીરે, સુણો સાહેલિયો;
પછી વાસણ માગવા લાગીરે, સુણો સાહેલિયો. ૬
એને વાસણ ન આપે કોઇરે, સુણો સાહેલિયો;
પછી રાગ તાણી ઘણી રોઇરે, સુણો સાહેલિયો. ૭
તોય થઈ ન તપેલીતો સાજીરે, સુણો સાહેલિયો;
હસે લોકને તે મરે લાજીરે, સુણો સાહેલિયો. ૮

જેથી સ્વારથ આપણો જરીયેરે, સુણો સાહેલિયો;
તેના ઉપર ક્રોધ ન કરીએરે, સુણો સાહેલિયો. ૯
લાત દુજતી ગાયની ખમીએરે, સુણો સાહેલિયો;
તેને તજીએ તો દુધ કયાં જમીએરે, સુણો સાહેલિયો. ૧૦
કોઈની સાથે હુંકારે લડીએરે, સુણો સાહેલિયો;
એમાં આપણે હલકાં પડીએરે, સુણો સાહેલિયો. ૧૧
સાંખી ચાલે તે માણસ મોટુંરે, સુણો સાહેલિયો;
દિલે સાચુ માનો નથી ખોટુંરે, સુણો સાહેલિયો. ૧૨

## ફુલણજીની ગરબી. ૨૩

વાલા તમારી જોઈને રહી છું વાટરે વાલાજી.

ફુલણજી તમે ફુલાવ્યા કેમ ફુલ્યારે ફુલણજી.
આ ઉપજ ખરચનો અડસટો કેમ ભૂલ્યા મારા ફુલણજી. ૧
કરજ કરીને વરા ભલા તમે કીધારે ફુલણજી;
આ ગરથ પરાયા ખરચીને જશ લીધા મારા ફુલણજી. ૨
ઘર વેચીને ઘી સાકરતો લીધા મારા ફુલણજી;
આ જમણ સરસ સામોવડીઆથી કીધારે ફુલણજી. ૩
પીતાંબર પેહેરીને પંગતમાં ફરીઆરે ફુલણજી;
આ મનમાં ફુલ્ય કરી મુછે કર ધરીઆ મારા ફુલણજી. ૪
વળતો દિવસ થયો કે માગે નાણાંરે ફુલણજી;
આ નાણાંના કાંઈ ન મળે ઠેકાણાં મારા ફુલણજી. ૫
આ ફુલણજી ઉપર અરજી થઈ ત્યાંથીરે ફુલણજી;
આ જપત થઈ મિલકત કાહાડી ઘરમાથી મારા ફુલણજી. ૬
ફુલણજી તમને જોઈ ફુલાવ્યારે ફુલણજી;

આ તેતો કોઈ મદદ કરવા ન આવ્યા મારા ફુલણજી. ૭
ફુલણજીતો કુવો સોધવા ચાલ્યારે ફુલણજી;
આગરથ વિના તે અશીણુ ન કોઈએ આલ્યાં મારા ફુલણજી ૮
જમતી વખત વખાણ ભલાં જે કરતારે ફુલણજી;
આ એ સઉ હાસ્ય કરે નીંધા આચરતાં મારા ફુલણજી. ૯
આ અવસરતો અધીક વખાણી ચડાવ્યારે ફુલણજી,
પણ આ અવસરતો બેવકુફ બનાવ્યા મારા ફુલણજી. ૧૦
પેહેરયાં પટકુળને બાંધ્યાં ચંદરવારે ફુલણજી,
આ ઘર બાળીને ચાલ્યા તીરથ કરવા મારા ફુલણજી ૧૧
ફુલણજીની રાંડ રૂવે મોહો વાળીરે ફુલણજી,
આ ફુલણજી સિધાવ્યા ટેકો ટાળી મારા ફુલણજી. ૧૨
ભોળાને નરસી સિખામણ દેશોરે ફુલણજી,
તે નીસાસાનું પાપ ઘણું શીર લેશ મારા ફુલણજી. ૧૩
દીલમાં દલપતની શિખામણ ધરજોરે ફુલણજી;
તો કરજ કરીને નાત વરો નવ કરજો મારા ફુલણજી. ૧૪

## સ્ત્રીને ભણવા વીશે ગરબી. ૨૪

તમે ભણો ભલી બાત બાઈ હીંદવાણી,
રહો સુખી દીન રાત બાઈ હીંદુવાણી;
જેથી દુષ્ટ બુદ્ધી જાયે બાઈ હીંદુવાણી,
સ્થીર સારી બુદ્ધી થાય બાઈ હીંદુવાણી;
રાખો સંપ સગા માંહ બાઈ હીંદુવાણી,
નહી કલેશ કરો કાંઈ બાઈ હીંદુવાણી;
સુખ સતમાં સદાએ બાઈ હીંદુવાણી,
ગુણવંત એમ ગાય બાઈ હીંદુવાણી;

શીખો સારાં કામકાજ બાઈ હીંદુવાણી,
વધે લોક મહી લાજ બાઈ હીંદુવાણી;
તજો પીયરમાં પ્રીતી બાઈ હીંદુવાણી,
રહો સાસરે સુરીતી બાઈ હીંદુવાણી;
કોઈ કરે સારો બોધ બાઈ હીંદુવાણી,
સુણી કીજીએ ન ક્રોધ બાઈ હીંદુવાણી;
જોજે અક્કલ અભેવ બાઈ હીંદુવાણી,
દલપત કેરો દેવ બાઈ હીંદુવાણી;

## સાત વારનાં વખાણ. ૨૫

ભજીએ ભાવે ભગવાનને, તજીએ તુચ્છ સંગાથ;
સજીએ સામગ્રી સ્વર્ગની, હજીએ આપણ છે હાથ. ભજીએ. ૧
આદીત ઉગ્યો આકાશમાં, કોઈ જન કહેશે આફ તાફ;
જુદો જરૂર ન જાણીએ, મતલબ સુરજ સાફ. ભજીએ. ૨
સોમ સરખા શીતળ બને, મન ધખંતા જે હોય;
સમજણ પામે જો શાસ્ત્રની, કલેશ ન પામીએ દીન કોય ભજીએ. ૩
મંગળ ચાહે સઉ મનુષનું, આપણું મંગળ થાય;
નરેશ નરશું ફળ પામીએ, એવું સમજી સદાય. ભજીએ. ૪
બુધ જન બુદ્ધી અતી શુધથી, કરી શુભ રીતી વિચાર;
પ્રીતી રાખે પરીબ્રહ્મમાં, જે છે જગનો કરતાર. ભજીએ. ૫
ગુરૂજન ખીજે ગુણ આપતાં, જરીએ કરીએ નહી શોક;
ધરીએ વિદ્યા નીત નીત નવી, ફરીયે હરીગે નહી ફોક. ભજીએ. ૬
શું કરવા લડીએ લોકથી, ચડીએ પાધરી વાટ;
વડીએ દીવસે ન ખેલીએ, ઘડીએ વિદ્યાના ઘાટ. ભજીએ. ૭

શનીશ્વર થઈએ હરી સ્મરણમાં તેવી રાખીએ ટેવ;
કઠણ સમે આવે કામમાં, દલપતરામનો દેવ. ભજીએ. ૮

## દેશીઓને ઉદ્યમ કરવાની ગરબી ૨૬.

કોઈ કાજ કરો રાજ નવલ આવ્યું છે હુનર નરેશનું;
પ્રથ્વી ગઈ પરદેશી હાથે, એ મોટી ભુલ તમો માથે;
તમે સંપ ન રાખ્યો કોઈ સાથે. દેશીમીત્રો૦ ૧

આ વખત જુઓ તમે વીચારી, નીરધન થઈ બેઠાં નર નારી;
કાંઈ ધુળ મળ્યા ધંધા ધારી, દેશીમીત્રો૦ ૨

તમે દીવસે સુવું દુર ધરો, દીલ ખોલી ખુબ વિચાર કરો;
હવે જાગ્રત થઈ કાંઈ જુગતી કરો. દેશીમીત્રોં૦ ૩

તમે સગાં કુટુંબમાં સંપ કરો, વળી દેવાદાર થતેજ ડરો;
તમે નીલ ઘટાડો નાત વરો. દેશીમીત્રો૦ ૪

ધન મળતે તુરતજ ગરવ છોડો, તમે મોટાં કારજ નવ માંડો;
તમે પરણ્યા પેહેલાં શીદ રાંડો. દેશીમીત્રો૦ ૫

વિદ્યાનો સ્વાદ સદા ચાખો, મન ઉધમમાં અહોનીશ રાખો;
શીદ ભાગ્ય લખ્યું થાશે ભાખો. દેશીમીત્રો૦ ૬

પડતર જમીન તે ખેડાવો, ઉગસે જો ત્રણ વખત વાવો;
નિર ઉદ્યમી ઉદ્યગમાં લાવો, દેશીમીત્રો૦ ૭

અદાલત અરજી અળસાવો, લુચ્ચાઓને લાંચ ન સુંપાવો;
નાતીલાં પાસ કહો દાવો, દેશીમીત્રો૦ ૮

પરદેશી હુનર પ્રગટ કરો, સંચાને જંત્રો શીદ કરો;
દલપતની વીનતી દીલ ધરો, દેશીમીત્રો૦ ૯

## કેફ ન કરવા વિશે ગરબી. ૨૭

તજો તમે કેફ કરમ કરવું,
જેથી થાય મોત વિના મરવું. તજો તમે કેફ૦ ૧

નથી એમાં સ્વાદ કરશો સારો, વિવેકની નજરેથી વિચારો;
દુખી થાસે કેફનો કરનારો. તજો તમે કેફ૦ ૨

પીશે જે જન મદીરા તાડી, તેનાં ફળ દેશું દેખાડી;
ઊંચે પદથી દેશે પાડી, તજો તમે કેફ૦ ૩

અફીણથી કંઈક ગયા ઉડી, ગમાવી ગાંઠ થકી મુડી;
મુઆ દુઃખ દરીઆમાં બુડી. તજો તમે કેફ૦ ૪

મુરખને મુરખ મળે સંગી, લીલાગર ભાંગ પીએ ભંગી;
અકકલ હીણા તે અડબંગી. તજો તમે કેફ૦ ૫

મફર કે માજમ જે ખાશે, જરૂર અક્કલ તેની જાશે;
સારા સારા લોકોમાં નીંદાશે. તજો તમે કેફ૦ ૬

પીએ કોઈ ગાંજો ગુણી જાણી, ધુમાડો ખેંચે બળ આણી;
એની તો અક્કલ વેચાણી. તજો તમે કેફ૦ ૭

તે સરવે રોગ કરે તનમાં, અમે સાંભળ્યું વર્ણ્યો જનમાં;
માટે તમે માની લેજો મનમાં. તજો તમે કેફ૦ ૮

ન ખાશો પાક કરી પ્રીતે, જેથી ચતુરાઈ ઘટે ચીતે;
રેહેજો રૂડા માણસની રીતે. તજો તમે કેફ૦ ૯

પ્રભુ થકી જો દીલમાં ડરીએ, કદી એવું કરમ નહી કરીએ;
શિખામણ સારી રૂદે ધરીએ, તજો તમે કેફ૦ ૧૦

બનાવી ગરબી બહુ સારી, સુણી જે દેશે વીસારી;
તેના મુખ ઉપર પેંજારી. તજો તમે કેફ૦ ૧૧

વારે વારે શું કહીએ વારૂં, સ્નેહ કરી કહું છું તમ સારૂં;
માનો દલપતરામ કે કહ્યું મારૂં. તજો તમે કેફ૦ ૧૨

## કેફીની સ્ત્રીને પસ્તાવો તે વિશે ગરબી. ૨૮

મા મુજને કેમ દીધીરે કેફી કંથને,
ફહાડી ફોડ્યાં ફીયા જન્મના વેરજો;

જન્મ સમે નવ આણ્યો મારા અંતને,
ગળથુથીમાં ઘોળી ન પાયું ઝેરજો. મા મુજને. ૧
ઉછેરી નાંખીરે બળતી આગમાં,
ઉગરવાનો નથી હવે ઉપાયજો;
ભોગવવું દુખ લખ્યું મારા ભાગ્યમાં,
રજની દહાડા રડતે વીતી જાયજો. મા મુજને. ૨
આવરદા મારી અતી લાંબી થઈ,
ત્રાગ નહી જે તડકે તોડયો જાયજો;
કરમ તણી કહાણી ક્યાં જાય કહી,
છાંય કુવાની કુવા વિશે સમાયજો. મા મુજને. ૩
શું કરવું જીવીરે આ સંસારમાં,
હાથે મરતો આતમ હત્યા થાયજો;
સાત જન્મ પામું રે શોક અપારમાં,
પાર ન આવે કરતે કરોડ ઉપાયજો. મા મુજને. ૪
રમવુંને જમવું તો મુજને નવ ગમે,
માથે ઉગ્યાં દુખનાં મોટાં ઝાડજો;
એ દુખથી છોડાવે મુજને આ સમે,
પુરણ માનું પરમેશ્વરનો પાડજો. મા મુજને. ૫
ફરી જન્મ ધરશું ત્યાં સુખ પામશું,
આ અવસરતો એળે ગયો અવતારજો;
હૈયું કઠણ રાખીને હિંમત રાખશું,
ભાગ્યે લખીઓ દેવે આ ભરથાર જો. મા મુજને. ૬
પાપ નથી કીધાં મેં આવડાં આ પળે,
પ્રગટી આવ્યાં પેલા ભવનાં પાપજો;

લેખ લખ્યા દૈવે તે ટાળ્યા નવ ટળે,
કરમ કરે તે ન કરે માને બાપ જો. મા મુજને૦ ૭
દીલમાં એમ સમજીને દુઃખ ન માનવું,
રાખુ હઈઆમાં કેના ઉપર રોશજો;
ભવ પેલે કીધાં તે ભોગવી છુટવું,
દલપતના સ્વામીને ન દેવો દોશજો મા મુજને૦ ૮

## કેફીના ધરનો હેવાલ. ગરબી ૨૯.

કેફી સૈયર જેનો કંથડો રે, તેના પુરણ પાપ;
મનમાં ઉદાશી મટે નહી; હાંરે તપે તનડામાં તાપ. કેફી. ૧
એવો દીસે અળખામણોરે, જાણે જીવનો ટળેલ;
આડા બોલો અફીણીયો, હાંરે એના ગાત્ર ગળેલ. કેફી. ૨
એક ટકાની નહી આબરૂ રે, પીટો ચૌટાનો ચોર;
દહાડી દોરાએ દરબારમાં; હાંરે પુઠે લોકોનો સોર. કેફી. ૩
અપોચીઓને ઘણો અળસુરે, કાંતો ઉગે કાંતો ગાય;
રળવાની સક્તી રહે નહી; હાંરે રળ્યું રાંડનું ખાય. કેફી. ૪
બારેથી આવે બે બાકળો રે, હીણા દેખાય હાડ;
ખુણે ઢાળીને પડે ખાટલો, હાંરે બઈરી છોકરાંનો કાળ. કેફી. ૫
બાળકને ખાવા નહી બાંજરી રે, પીટો પ્રગટે ઉફાંદ;
છતે ધણીએ બળે છાતડી, હાંરે વેઠે રંડાપો રાંડ. કેફી. ૬
લાજ હીણો લેખે નહી રે, જાશે તરણાથી તોલ;
તેવા અફીણના તોરમાં, હાંરે બોલે જુઠેરા બોલ. કેફી. ૭
કોઈ કોઈ વખત થાય કેફથકી રે, હૈયા ફુટા હેરાન રે;
તોએ શીખ દલપતરામની, હાંરે કદી ધારે ન કાન. કેફી. ૮

## સજ્જનોએ કેફ કરવાનો વિચાર ન રાખવો. ગરબી. ૩૦

સજ્જન લોક વિચારી સારી, શીખામણ મન ધરીએજી;
જેમ તેમ મુખ બોલીએ, જેથી દીલમાં નહી ડરીએ.
કેફ ન કરીએજી૦ ૧
તાળી પાડી દોષ દેખાડી, કહુંછું દહાડી દહાડીજી;
મારૂ વેણ તમે માનો તો, તજજો દારૂ તાડી. કેફ૦ ૨
કેફ કરયાથી ઘટશે ભાઈ, ચીતમાંથી ચતુરાઈજી;
ધન ખરચી લેવી લુચાઈ, મોટી એ મુરખાઈજી. કેફ૦ ૩
લાજ ઘટેને કાજ ન સુધરે, એમ ન વીચારે અંધોજી;
સાર નથી એમાં કાંઈ અંતે, ઘર ખોવાનો ધંધો. કેફ૦ ૪
વેદ પુરાણ કુરાન કીતાબે, જો જો હેત તપાશીજી;
એ લક્ષણ તજવાથી મળશે, સઘળેથી સાબાશી. કેફ૦ ૫
કાજી મુલ્લાનો મત એછે, મત્ત છે અંધ્યારૂજી;
હીંદુમાં ગૌ હત્યાથી, પણ દોશ ઘણો દારૂનો. કેફ૦ ૬
દારૂ સારૂ મારૂ તારૂ, ચોરયાનું ચીત્ત થાશેજી;
કોઈક સમે સાંકડામાં આવી, જીવ તેમાંથી જાશે. કેફ૦ ૭
વસ્ત્ર તજીને લાજ વિનાના, ખરની રીતે રખડાશોજી;
કહે દલપત કરમાં દીવો લઈ, કોઈ કુવામાં ન પડશો. કેફ૦ ૮

## કેફના અવગુણ વિશે ગરબી. ૩૧

કેફી લોકો કેફ તણા અવગુણરે કહુ હું કેટલા;
નીરલજ નર છે કેફ તણા, કરનારરે જગમાં જેટલાં. ટેક.
આ જગમાં જે નર કેફ કરે, તેના તનમાં રોગ અનેક ઠરે;
તેની નીશ્ચે જગમાં લાજ નરે, કેફી લોકો કેફ તણા૦ ૧

તેના બાળક બાજરીને રડશે, તેને લેહેણાવાળા નીત નડશે;
પછી ગભરાઈ બઈરીને લડશે. કેફ તણા૦ ૨

નીત્ય નવલી ફરીયાદો થાશે, કપડાં હરરાજે વેચાશે;
કેફી સરકારે દોરાશે. કેફ તણા૦ ૩

બેભાન થઈ ભુલો ભમશે, નરસી જગ્યામાં જઈ રમશે;
અભીમાન તજી ગાળો ખમશે, કેફ તણા૦ ૪

તેને ઘરનો ધંધો નહી હાથ ચડે, તેની બુદ્ધી જાશે કેફ વડે;
તેને રસ્તો સીધો નહી જડે, કેફ તણા૦ ૫

એવો અક્કલ હીણો કોણ હશે, ધન ખરચીને દુખીયારો થશે;
કોણ મરવા સામેપુર જશે. કેફ તણા૦ ૬

નથીરે એમાં સ્વાદ કસો, કેફથી ઉલટા હેરાન થશો;
વળી મરીને જમને હાથ જશો, કેફ તણા૦ ૭

તમે વીગતેથી વીચાર કરો, વળી પરમેશ્વરથી કંઈક ડરો;
દલપતની વીનતી દીલ ધરો. કેફ તણા૦ ૮

## કળીકાળમાં કેફીને ચેતવણીની ગરબી. ૩૨

એક કારણ કહુંછું કળીકાળનુરે લોલ;
મોટા અધરમ વિકરાળનુરે લોલ. ૧

જે કોઈ લંકાના વાશી મધુ પીવતારે લોલ;
આજ થાય છે આવી છીવતારે લોલ. ૨

ઉપર વેશ તે ઊંચી વરણનોરે લોલ;
આહાર કરે તે કુંભ કરણનોરે લોલ. ૩

સારાં શાસ્ત્ર ભણીને ભુલા પડેરે લોલ;
રસ્તો છોડીને રણમાં ચડેરે લોલ. ૪

ઉંચો વરણ કરમ નીચુ કરેરે લોલ;

નામ શીવ શક્તિ તણું ધરેરે લોલ. ૫
જેનો સ્પર્શ થયેથી ન્હાહાવું પડેરે લોલ;
કહેશે મધુ તે દેવીનેરે લોલ. ૬
જેમાં માંસથી દોષ મોટો રહેરે લોલ;
તેવું પીવામાં પુન્ય છે કહેરે લોલ. ૭
એતો વેદના વૈરી રાવણ વંશનોરે લોલ;
કાંતો કુટુંબી કેશી કંસનોરે લોલ. ૮
બહુ જુગતી લાવે છે જુઠું બોલવેરે લોલ;
ભોળા લોકોને ઘણો ભોળવેરે લોલ. ૯
કેહેશે એક પૂરાણે વાત છે કહીરે લોલ;
મદ્ય પીવામાં પાપ છે નહીરે લોલ. ૧૦
જુઠા શ્લોક બનાવે મધુપાનનારે લોલ;
સમજાવે જીવ અગનાનનારે લોલ. ૧૧
જે કાંઈ દુષ્ટ કરમ એવું આચરેરે લોલ;
માત્રીક નામ તેહનું ધરેરે લોલ. ૧૨
નીચ વસ્તુમાં નીચપણું જે હતુંરે લોલ;
તીરથ કરાવે નામ તેહનુંરે લોલ. ૧૩
ગ્રંથ વાંચે સભામાં શુધ ધરમનારે લોલ;
દીલમા ભરેલું દુષ્ટ કરમનાંરે લોલ. ૧૪
તેમા નામ ધરાવે દેવી બાળનુંરે લોલ;
કરમ કરે તે ચંડાળનુંરે લોલ. ૧૫
ભોળા લોકો ભોળાશો નહી ભરમમાંરે લોલ;
નથી એ વાત કોઈ ધરમમાંરે લોલ. ૧૬

એવા દૈતોની વાત માનશો નહીરે લોલ;
વાતો એ વેદમાં નથી કહીરે લોલ. ૧૭
એવું કરવું તે સારૂં કોણ જાણશેરે લોલ,
વાદ સભામાં કોણ તાણશેરે લોલ. ૧૮
ગાય હત્યા ગૌમાંસ પાપ છોટુ છેરે લોલ,
તેથી મદીરા પાપ મોટું છેરે લોલ, ૧૯
એવી રીતે લખીયું છે શાસ્ત્ર સરવમાંરે લોલ,
ગણતા નથી તે પાપ ગરવમાંરે લોલ. ૨૦
કહ્યું માનીને દલપતરામનુંરે લોલ.
કરવું ન કામ હરામનુંરે લોલ ૨૧

## કેફીની બાઈડીના મહિના ગરબી. ૩૩

૧ કારતક મહીને કેફી જેનો કંથરે સાહેલી,
આએ અબળાના દુઃખનો ના આવે અંત સાંભળ સાહેલી;
દીવસ ઘટે ને રજની મોટી થાસે રે સાહેલી;
આ કેફીની અબળાના કેમ દીન જાશે સાભળ સાહેલી,
હીમાળાનો શીતળ વાયુ વાય રે સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી
૨ આ માગશર મહીને સુખ પામું શી પેરરે સાહેલી;
આ કેફીડેતો માડયો અકરા કેર સાંભળ સાહેલી,
આ ઉપજ ખરચની વાત કશી નવ જાણ રે સાહેલી.
આ ખાઈ બેઠો નીજ બાવ તણી કમાણી સાંભળ સાહેલી,
પડયો રહે કાંઈ કેફી રસ્તામાંયરે સાહેલી.
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી,

૩ પોસેતો ઘર વેચી બેઠો પાપીરે સાહેલી;
આ પીએર જવાની રજા વહુને આપી સાંભળ સાહેલી,
જેણે મુજને પરણાવ્યું એવું પાપરે સાહેલી
આ પેલાં ભવનાં દેશ્મન માને બાપ સાંભળ સાહેલી,
એ રતમાં સાસરે જવું સૌ ચાહેરે સાહેલી;
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૪ માહા મહીનામાં બોલે લોક વંસતરે સાહેલી,
આતે દુખણી કેશીડા જેનો કંથ સાંભળ સાહેલી;
વન પાલોવ્યાં આંબે આવ્યો મોહોરરે સાહેલી,
આ દુખણીને સુખ નથી એણુ કે પહોર સાંભળ સાહેલી.
ભમર ગાન સુણી પીઉ મળવા મન થાયરે સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી;
૫ ફાગણમાં નરનારી ખેલે ફાગરે સાહેલી,
આ કેશીની અબળાને અંતર આગ સાંભળ સાહેલી;
રમે જમેને હસે મળી નરનારરે સાહેલી;
એ કેશીની પરણેલી ખાય માર સાંભળ સાહેલી.
જોવું ને રોવું ઘર ખુણા માંયરે સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી,
૬ ચઈતરમાં કેમ ધીરજ રાખુ ચીતરે સાહેલી.
આ કેફ કરે કેશીડો નીતને નીત સાંભળ સાહેલી,
ઓ પરમેશ્વર કેમ આવો વર આપ્યોરે સાહેલી.
આ એ વરથી તો ભલો રંડાપો સાંભળ સાહેલી,
લેહેણા વાળાની ફરીઆદો થાયરે સાહેલી.

આ એ મહિનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી;
૭ વીલખંતે આવ્યો મહિનો વઈશાખરે સાહેલી,
આષોમધ બેદિલ બળીને થાય રાખ સાંભળ સાહેલી;
સુરજ તપતો છતર આડુ રાખુરે સાહેલી,
આ દીલ દાઝુ તે કોની આગળ દાખુ સાંભળ સાહેલી;
રજની ઘટીને દહાડો મોટો થાયરે સાહેલી,
આ એ મહિનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી;
૮ જેઠે તો જીવલડો જળવા લાગ્યોરે સાહેલી,
આ કેરીની અબળાનો આનંદ ભાગ્યો સાંભળ સાહેલી;
પગ દાઝે તો મોજડીઓ લઈ ધારૂંરે સાહેલી;
આ કાળજડું દાઝે તે કેમ કરી ઠારૂં સાંભળ સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.

૯ અશાડ ચડી આવ્યો છે ઘનઘોર રે સાહેલી;
આ મોટો હરખ ધરીને બોલે મોર સાંભળ સાહેલી,
કેરી કંથ બંધીખાનામાં માલે રે સાહેલી.
આ પરણેલીના દીલમાં એ રત સાલે સાંભળ સાહેલી,
લીલીધરા વિધવિધના અન વવાય રે સાહેલી;
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી,
૧૦ શ્રાવણમાં મેં શીવ પુજા નહીં કીધીરે સાહેલી;
આ દેવે મુજને કેરીને કર દીધી સાંભળ સાહેલી,
ચિત્ત ટળે તો વ્યસની જુડો ચોર રે સાહેલી.
આ એ સગપણ કરનારો મરજો ગોર સાંભળ સાહેલી,
ભાગ્યવંતી જે પેઉ સાથે સોહાય રે સાહેલી;

આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી,
૧૧ ભાદરવે ભરજોબન એળે જાય રે સાહેલી;
આ કેરીની બઈરીને કેમ સુખ થાય સાંભળ સાહેલી,
નદીએ આવ્યાં પુરણ જળનાં પુર રે સાહેલી.
આ પેઠ સાંભળતે આગ જળે છે ઉર સાંભળ સાહેલી,
માળે બેશી પંખીડાં મલકાય રે સાહેલી;
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી,
૧૨ દીવાળીના દહાડા આસો માસ રે સાહેલી,
આ કેરીનીઈ બરી તો નીત ઉદાસ સાંભળ સાહેલી,
રમે જમેને ધરે નવા શણગાર રે સાહેલી.
આ કેરીની નારીને નયણે જળધાર સાંભળ સાહેલી,
ગુણવંતી ગળી મળીને ગરબા ગાય રે સાહેલી.
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી,
માસ અધીકમાં અધીકપણે શું કહીએ રે સાહેલી.
આ પેઠ બંધીખાને એકલાં કેમ રહીએ સાંભળ સાહેલી,
એ વરથી મુજને છોડાવા ધાય રે સાહેલી;
તો દલપતના સ્વામીને લાગુ પાય સાંભળ સાહેલી.

### કેફીના અવગુણ વીશે ગરબી. ૩૪

શીખ કહું છું તે સઉ સાંભળો રે, કેફ વિચારો અરીશ;
હો લાલ લાલ કસુંબા નવ લીજીએ;
અવગુણ ઝાઝા અફીણમાંરે, એથી હોય છે અક્કલ હીણ; હો૦
મોટ મેહેલ ચઢીને બેસનારે, અફીણથી બેજર થયા;
હરાજ હો લાલ લાલ કસુંબા નવ લીજીએરે,
જે નર ભોજન જમતાં ભાવતાંરે, રડતાં દીઠાં અંનને કાજ. હો૦ ૨

વાહન રથ ઘોડાને પાલખીરે, ચાલ્યા પગ પાળા તજી તેહ. હો૦ ૩
રાતામાતા શરીરે સોભતારે, દીઠા તેહના દુરબળ દેહ. હો૦ ૪
જે નર ચતુર શીરોમણી જાગતારે, નીરખાંતે નીદ્ર લે નેણ. હો૦ ૫
જે નર બહુ બુદ્ધીથી બોલતારે, તે નર ભાંખે ભાગા વેણ. હો૦ ૬
જેની અતી સંભળાતી આબરૂરે, તે નર લોકમાં નીંદાય. હો૦ ૭
જેનું સાચપણું બહુ માનતા રે, તે સાચ થતાં સમ ખાય. હો૦ ૮
તોપણ સાચ મનાએ નહી તેહનુંરે, સરવે લોક તજે વીસવાસ. હો૦ ૯
તે નર દુનિયાંમાં જીવતો મુવોરે, સારૂં મનુષ્ય ન બેસે પાસ. હો૦ ૧૦
બહુ દુ:ખ છે એવા બંધારણમાંરે, કોઈ દીન કર મુગતી હોય હાણ. હો૦ ૧૧
પૃથ્વી ઉપર પગ ઘસવા પડેરે, તે ઘડી આવે મોંડે ફીણ. હો૦ ૧૨
જે કોઈ તજશે વસ્તુ કેફનીરે, રાજી થાશે શ્રી ભગવાન. હો૦ ૧૩
શીક્ષા સુંદર દલપતરામનીરે, સજ્જન સઉ કોઈ ધરજો કાન. હો૦ ૧૪

## સારા માણસે કેફીની સંગત ન કરવી ગરબી. ૩૫

સજ્જન સઘળાણ કેફીનો સંગ ન કરવો. ટેક.
સમજી કાળા સાપ સરીખો, પાપ ગણી પરહરવોરે; સ૦ ૧
દારૂ પીએ તે દૈત્ય સરીખો, કદી વીસવાસ ન કરીએ;
ભાંગ પીએ તે ભંગિયા જેવા, તેથી વેગળા રહીએ; સ૦ ૨
પીએ તાડી તે પરેત સરીખો, અફીણ ખાય તે હેવો;
ગાંજાખોર તે ગાંડીઆ જેવો, તે પણ તજીએ તેવોરે. સ૦ ૩
સંગ કરયાથી અંગ વળગશે, રંગ જશે બદલાઈ;
મનમાં હશે ઉમંગ ઘણો તે ભંગ થશે સહુ ભાઈ. સ૦ ૪
પ્રથમ અફીણના પૈસા નહી લે, ઘરનું પાસે ઘોળી;
વળગાડીને થશે વેગળા રહેશો આંખો ચોળી. સ૦ ૫

સઉને સરખા કરવા ડોલે, બોલે વાત બનાવી;
નાક કટે જેમ નાત વધારી, ભોળાને ભરમાવીરે. સ૦ ૬
ખાશે ઘણા ગુણ ગાશે, પીશેને વળી પાશે
જાશે જર જોબન દુખ થાશે, પછી ઘણા પસ્તાશેરે. સ૦ ૭
આવા બોધને મેલી ઊંચા, લુચ્ચા દુરગણ લેશે;
સારા સજન સંતોષથી સુણીને દોશ વીસારી દેશે. સ૦ ૮
દોષ તજે સંતોષથી સુણીને રોષ ગમેતો રાખેરે;
દલપતરામ દુનીઆં મધે, દેખે તેવું દાખેરે. સ૦ ૯

## જયારે સીતાજી પરણીને ઉઠ્યાં ત્યારે પોતાની બેહેનપણીને પોતાના હરખની જે વાત કહી તે વિશેનું ગીત. ૩૬

છઈયે ખોળામાં ઘાલી ખીચડી; છઈયે ઘેર ઘેર ગાગી દીકરી. એ રાગનુ
ઉઠયાં પરણીને જે સમે જાનકી, વધ્યો હઈડામાં હરખ વિવા થકી ૧
મળી શાણી સાહેલીને સુંદરી, બોલી બોલ અતોલ ખુશી ભરી. ૨
સખી સાંભળ કહું એક વાતડી, મારી આજ શીતળ થઈ છાતડી; ૩
મારો હરિવરે હાથ ઝાલીઓ, મને અખંડ ચુડો એણે આલીઓ. ૪
વર પામી સુંદર વર વીહલો, મેંતો કાને સુણ્યો તે તો દીઠલો. ૫
મને પળ ન ગમે હવે પીયરમાં મારૂં મન મોહ્યું શામ શરીરમાં ૬
વર મળીઓ મને છેલ વાંકડો, હવે શીદને ન રાખીએ આંકડો. ૭
વર પામી હું તો વરણાગીઓ, મેંતો ભવોભવ એ વર માગીઓ. ૮
મને મન ગમતું મળ્યું સાસરૂં, હવે કેમ ધડક મનમાં ધરૂં; ૯
મારી એ સંગે જેણે સગાઈ કરી, એને આશીશ આપુ ફરી ફરી. ૧૦
ગુરૂને શીર નામું લળી લળી, મને પરણાવી એ વરને વળી. ૧૧

હવે મન ગમતાં સુખ માનીએ, કેમ કોઈની શરમ દીલ આણીએ. ૧૨
મારે કસુર ન રહી કોઈ વાતની, મારે માયા ટળી માત તાતની; ૧૩
મને માનીતી કરી હરી થાપશે, હું તો જે જે માગીશ તે તો આપશે. ૧૪
મારે નીસરી ખાણુ એ કરમની, વાત મુરખ ન જાણે એ ગરમની ૧૫
પુન્ય પુરવે મેં કીધા હશે ઘણાં, તેણે પામી ચરણુ પીઉજી તણાં. ૧૬
વરત દાન કરે જેણે કારણે, તેને પામી હું તો રુતી પારણે; ૧૭
હું તો કાશી કેદારમાં નવ ફરી, હું તો ઘેર બેઠાં એ વરને વરી. ૧૮
હવે સગાં સંબંધીને શું કરૂં, હું તો શુંદર વરની સાથે ફરૂં; ૧૯
મન માન્યું જે દશરથ લાલમાં, વર લખ્યા ભુદર મારા ભાલમાં ૨૦
ભુલી દુરમતી દુરગુણી ટેવને, પરણી દલપરામના દેવને. ૨૧

## પ્રભાતીયું.

ઉઠની ઉઠની ઉઠની દીકરી, કાં ધરે આશ નાશ માંહી;
એમ વાણી વદી પુત્રીની માત કહે, ઉઠરે ઉઠરે ઉઠ ડાહી.
કાળ વહી જાય છે દંત ધાવણુ તણો, થાય દુઃખ પ્રગટ સુઈ રહેતાં;
દંત ધાવન કરી સ્નાંન કર ચપળથી, ભજ પછી ઈષ્ટ તાન સેહેતાં;
કર જરા હાજરી ઉદરની રૂચી થકી, કર પછી પાઠ તારો;
પાઠ કર ચીત દઈ તજ રમત સ્વસ્થ થઈ, જન્મના જન્મનો જાય માંહી.
જે ભલી બેહેનિયો એમ નીમ આચરે, તે બંને શ્રેષ્ટ સરૂ સુજ્ઞ સાથે;
જે રમે રમત મે તે ભમે ભ્રમ ગમે, તેને અંત અવકાશમે દુખ માથે.
દાસ મોહન કહે જ્ઞાન તહાં દુખ નહી, એમ સત સુગનાં જાણ પ્યારી.
જો હવે ગુરૂ કને સમજ કંઈ વાતને, ચપળ ચીત રાખજે બેહેન મારી.

સમાપ્ત.

# જાહેર ખબર

નીચે લખેલી ચોપડીઓ અમદાવાદમાં ત્રણ દરવાજાના મેદાનમાં બાલેટનની હવેલી નીચે મલશે.

પેહેલીથી છઠ્ઠી સુધીના અર્થ તથા કાયદાઓ તથા મુંબાઈનાં છાપેલાં સંસ્કૃત તથા હિંદુસ્થાની તથા ગુજરાતી વિગરે બીજી ઘણીક જાતનાં પુસ્તકો અમારી પાસેથી ઘણી સરસ છાપ અને સસ્તી કીંમતે રોકડેથી મળશે.

માટે જે સાહેબોને મંગાવવાની ખુશી હોય તેમણે પોસ્ટપેડ કાગળ લખી ખુલાસો કરવો

બુકસેલર.

માહાદેવ રામચંદ્ર.

અમદાવાદ બાલેટનની હવેલી.